RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# E-BULLETIN

4rth Edition 2024

OF

# RCCI







:: Registered Office ::

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

Phone : 0281-2227400, 2227500 | Fax : 0281-2230824 | M : 73831 27400

E-mail : rajkotchamber@yahoo.co.in | Web : www.rajkotchamber.com

# પ્રમુખશ્રીની કલમે



**સ્નેહી સભ્યશ્રીઓ,**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગ–વ્યવસાય ક્ષેત્રમાં કાર્યરત વ્યકિત, પેઢી, કંપની અને એસોસીએશનોના સમુહનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા હોવાથી વેપાર–ઉદ્યોગની અપેક્ષા પણ તેની પાસે વધુ હોય તે સ્વાભાવિક છે અને અમો પણ વેપાર–ઉદ્યોગની અપેક્ષા પરિપૂર્ણ કરવા હંમેશા સક્રિય રહીએ છીએ. હોદેદારો, કારોબારી સમિતિ તો ફકત સંસ્થાની કાર્યકારી વ્યવસ્થા હોય છે. સભ્યશ્રીઓ જેટલા જાગૃત અને સહયોગી બને તેટલી સંસ્થાની પ્રવૃતિઓને વેગ મળી શકે. આ માટે રાજકોટ ચેમ્બરની પ્રવૃતિમાં વધુને વધુ જોડાવા સૌ સભ્યોને અનુરોધ કરીએ છીએ અને રાજકોટ ચેમ્બરની પ્રવૃતિનો બુલેટીનનો આ અંક આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

શુભેચ્છા સહ,

આપનો સ્નેહાધિન,

**વી. પી. વૈષ્ણવ**
પ્રમુખ

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO ના સંયુકત ઉપક્રમે "E-Commerce Export Summit" નું આયોજન કરવામાં આવ્યું...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO અમદાવાદ ચેપ્ટરના સંયુકત ઉપક્રમે "E-Commerce Export Summit" નું તા.૨૨–૧૧–૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં જોઈન્ટ DGFT શ્રી રોહિત સોની, CGST જોઈન્ટ કમિશ્નરશ્રી પંકજસિંધ, SGST ડેપ્યુટી કમિશ્નરશ્રી ક્રિપાલસિંહ ગોહિલ હાજર રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ અને ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ આવનારા દિવસોમાં નિકાસને વેગ મળી રહી તે માટે ઈ–કોમર્સ પ્લેટફોર્મ ખુબ જ મહત્વનુ હોય તેની સંપુર્ણ જાણકારી મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ. ત્યાર બાદ જોઈન્ટ DGFT શ્રી રોહિત સોનીએ જણાવેલ કે, નિકાસને વધુ વેગ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે તેમજ ઈ–કોમર્સને પ્રોત્સાહન આપવામાં આવી રહયુ હોય આ બાબતે કોઈપણ સમસ્યા હોય તો રાજકોટ DGFT ઓફિસ હંમેશા સહયોગ આપશે. CGST જોઈન્ટ કમિશ્નરશ્રી પંકજસિંધ તથા SGST ડેપ્યુટી કમિશ્નરશ્રી ક્રિપાલસિંહ ગોહિલએ વેપાર–ઉદ્યોગકારોને GST અંતર્ગત રજીસ્ટ્રેશનને લગતા કે અન્ય કોઈપણ પ્રશ્નો હોય તો જણાવવા અનુરોધ કરેલ. જેનું યોગ્ય નિરાકરણ લાવીશું.

એમેઝોન ગ્લોબલ સેલીંગના ડેવલોપમેન્ટ મેનેજરશ્રી યશ દવેએ ભારતીય વ્યવસાયોને ઈ–કોમર્સ મારફતે નિકાસમાં સક્ષમ બનાવવા માટે જે સહયોગ આપવામાં આવે છે તેની જાણ કરતા આ પ્લેટફોર્મ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું, દસ્તાવેજો અને લાયસન્સ સપોર્ટ, લોજીસ્ટીક સપોર્ટ, થર્ડ પાર્ટી સર્વિસ, ઓનલાઈન વેબીનાર, નોર્થ અમેરીકા–યુરોપ–મિડલ ઈસ્ટ–એસીયા

પેસીફીક દેશોમાં નિકાસ તથા પેમેન્ટ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. ત્યાર બાદ SBI ના રીલેશનશીપ મેનેજરશ્રી ગિતેશ સોનવાનેએ SBI તરફથી એકસપોર્ટ ફાઈનાન્સીંગ અંગેની જાણકારી આપેલ.

મુખ્ય વકતાશ્રી આનંદ મિરાણી દ્વારા SMEs & MSMEs માટે ઈ–કોમર્સમાં રહેતી તકો, ફોરેન ટ્રેડ પોલીસી, કસ્ટમ્સ, એક્ષચેન્જ કન્ટ્રોલ, રીસ્ક મેનેજમેન્ટ, લોજીસ્ટીક, વિવિધ પ્રોડકટો, એકસપોર્ટ માર્કેટ, RBI ગાઈડલાઈન, પેમેન્ટ મેથડ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. તેમજ DHL એકસપ્રસ ઈન્ડિયા પ્રા.લી.ના એરીયા સેલ્સ મેનેજરશ્રી ધ્રુવ કેશવાણી દ્વારા લોજીસ્ટીક સપોર્ટ અંગે માહિતી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે નિષ્ણાંતો તરફથી યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યકત ફીઓના ગુજરાત હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.

## ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુદિલ્હી (FICCI)ની કારોબારી સમિતિની ચુટણીમાં સતત બીજી ટર્મમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની જીત.... સમગ્ર વેપાર–ઉદ્યોગ આલમમાં હર્ષની લાગણી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હર હંમેશ વેપાર–ઉદ્યોગના પ્રશ્નોના યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુઆતો કરી ઉદ્‌ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે. રાજકોટ ચેમ્બર નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ન્યુ દિલ્હીમાં સભ્યપદ ધરાવે છે. તાજેતરમાં (FICCI) ન્યુ દિલ્હીની ૯૭ મી વાર્ષિક સામાન્ય સભા તથા કારોબારી સમિતિની ચુંટણી યોજવામાં આવેલ હતી. આ સંઘર્ષમય કારોબારી સમિતિની ચુંટણીની ટ્રેડ અને સર્વિસ કેટેગરીમાં સતત બીજી ટર્મમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની જીત થયેલ છે. FICCI ની કારોબારી સમિતિમાં ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર–કચ્છમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છ માટે ગૌરવની બાબત ગણાય.

FICCI એ નેશનલ લેવલની સંસ્થા હોય ભારત દેશના રાજયોની તમામ ચેમ્બરોનું ફેડરેશન છે. જેના મંતવ્યો તથા માર્ગદર્શન દેશની આર્થિકનીતી ધડવા માટે ખુબ જ મહત્વના ગણાય છે. તેમજ ઈન્ટરનેશનલ ડેલીગેશન અને કેન્દ્ર સરકાર સાથે આર્થિક વિચાર–વિમર્શ કરવા માટે ભારતનું મુખ્ય સેન્ટર ગણાય છે. તેથી આ સ્થાન પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને મળ વાથી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે. આમ FICCI ની કારોબારી સમિતિમાં સ્થાન મળવાથી રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ખુબ જ ઉંચી ઉડાન ભરી છે. સાથો સાથ ASSOCHAM ન્યુદિલ્હીમાં પણ કારોબારી સમિતિની સતત બીજી ટર્મમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને પ્રાધાન્ય મળેલ છે. તેમજ મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ પ્રતિનિધિ તરીકે કાર્યરત છે. આથી તમામ વેપાર–ઉદ્યોગકારોને તેઓને ઉદ્‌ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે.

## CGST અમદાવાદ ઝોન તથા ગુજરાત સ્ટેટ GST ના સંયુકત ઉપક્રમે પ્રિન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ વેબીનારમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા GST ને લગતા પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ...

તાજેતરમાં તા.૧૨ અને ૧૩ નવેમ્બર ૨૦૨૪ ના રોજ CGST અમદાવાદ ઝોન તથા ગુજરાત સ્ટેટ GST ના સંયુકત ઉપક્રમે પ્રિન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી બી.વી. શિવાનાગા કુમારીની અધ્યક્ષતામાં તથા અન્ય ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં GST અંતર્ગત સુધિઓમાં વધારો કરવા, રિફંડ અંગે, ઓડિટ અંગે તેમજ ફરીયાદોનું નિરાકરણ લાવવા વિગેરે બાબતો માટેના પ્રશ્નો–સુચનો રજુ કરવા ટેક્ષપેયર્સ તથા ટ્રેડ એસોસીએશનો સાથે વેબીનાર યોજવામાં આવેલ. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઓનલાઈન જોડાયેલ હતા. જેમાં ખાસ કરીને સમગ્ર GST પ્રક્રિયામાં ઘણા બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેર રીતી આચરવામા આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવું પડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતીભર્યા પગલા હોવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવેલ તેમજ GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવું જરૂરી છે. તેમજ રીસ્કી એકસપોર્ટરનું ટેગ હોય તો તેઓને મીનીમમ ૭૦% રીફંડ આપવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારો માટેની Interest Equalization Scheme હેઠળ મળવાપાત્ર નાણાકિય લાભની મર્યાદા રૂા.૨ કરોડ કરી તેની મુદત ૫ વર્ષ સુધી લંબાવવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧–૧૨–૨૦૨૪ માં સમાપ્ત થશે. પરંતુ આ સમયગાળો ખુબ જ ઓછો હોવાથી નિકાસકારો માટે ઘણી બધી સમસ્યાઓ ઉદભવી રહી છે. ખાસ કરીને સપ્લાય ચેન, ચલણની વધ ઘટ, ડોકયુમેન્ટસની જટીલતા, સરકારની મર્યાદા, દસ્તાવેજની જટિલતા, આર્થિક અનિશ્ચિતતા, વૈશ્વીક સ્પાર્ધાત્મકતા અને ખાસ કરીને વૈશ્વિક યુધ્ધના જોખમો વિગેરેનો સામનો કરવો પડી રહયો છે.

હાલના પરીપત્ર મુજબ આ સ્કિમ અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં રૂ.૫૦ લાખની મર્યાદા રાખવામાં આવેલ છે. પરંતુ નિકાસકારોને વેગ મળી રહે અને તેઓને પ્રોત્સાહન આપવા અને નાણાકીય તણાવને દૂર કરવા માટે Interest Equalization Scheme ખુબ જ મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે અગાઉના જુના નોટીફિકેશન મુજબ જે રૂ.૨ કરોડની મર્યાદા હતી તે મુજબ યથાવત રાખવી તેમજ આ સ્કિમની મુદત ૫ વર્ષ સુધી લંબાવવી ખાસ જરૂરી છે. જેથી કરીને દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવામાં મદદરૂપ થઈ શકશે.

વધુમાં Interest Equalization Scheme અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૫% કરી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને રજુઆત કરવામાં આવેલ છે.

**ભારત દેશના નાણામંત્રાલય દ્વારા આયોજીત અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા બેન્ક ઓફ બરોડા ના સંયુકત ઉપક્રમે દેશ–વિદેશમાં રાજકોટની જાણીતી પ્રોડકટ સબમર્સિબલ પંપ તેમજ ફાઉન્ડ્રી કલ્સ્ટરને પ્રાધાન્ય આપવા નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજી સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા વાર્તાલાપનું આયોજન...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા બેન્ક ઓફ બરોડા તમામ ઉદ્યોગકારોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. રાજય તથા કેન્દ્ર સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે વારંવાર અવરનેશ કાર્યક્રમો યોજાતા હોય છે. હાલ આપણા દેશના નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજીએ સમગ્ર દેશમાંથી માત્ર ચાર જ સેન્ટરમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા વાર્તાલાપનું આયોજન કરેલ છે. આ ચાર સેન્ટરમાં રાજકોટ નો સમાવેશ કરેલ હોય તેના માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા બેન્ક ઓફ બરોડા નાણામંત્રીશ્રીનો આભાર વ્યકત કરે છે.

આ વેબીનારમાં ઉદ્યોગકારોને મુંજવતા પ્રશ્નોની સીધી રજૂઆત નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજી સાથે થઈ શકે અને ઉદ્યોગોને કનડતા પ્રશ્નોનું નિરાકરણ વ્હેલી તકે આવી શકે તેમજ ખાસ કરીને આ વેબીનારમાં રાજકોટના જગ વિખ્યાત સબમર્શિબલ પંપ બીજા દરેક પ્રકારના પંપ તથા ફાઉન્ડ્રી કલ્સ્ટરને પ્રોત્સાહન આપવા માટેના શુભ આશયથી ભારત દેશના નાણામંત્રાલય દ્વારા અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા બેન્ક ઓફ બરોડાના સંયુકત ઉપક્રમે તા.૯–૧૧–૨૦૨૪ સમય બપોરના ૩–૦૦ થી ૫–૦૦ સ્થળ : હોટલ સયાજી, વૃંદાવન સોસાયટી મેઈન રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે આ વિડીયો કોન્ફરન્સ નું આયોજન કરવામાં આવેલ.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ રેલ્વે ડિવીઝન DRUCC ની મળેલ મિટીંગમાં રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...**





રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (DRUCC) ની આજરોજ તા.૨૮–૧૦–૨૦૨૪ ના રોજ મળેલ મિટીંમાં ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ વેસ્ર્ટન રેલ્વે ડિઆરએમશ્રી અશ્વનીકુમાર તથા DRUCC-સેક્રેટરી અને સિનીયર ડિસીએમશ્રી સુનિલકુમાર મિનાને નીચે મુજબના વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર મેઈલનો જે મુળભુત સમય સાંજે ૬:૩૦ વાગ્યાનો હતો તે મુજબ કરવો. તથા તા.૨૬–૪–૨૦૨૪ ના રોજ રાજકોટ ચેમ્બર દ્વારા "વિકાસીત ભારત ૨૦૪૭" અંગે માનનીય કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણજીની ઉપસ્થિતીમાં પરીસંવાદ કાર્યક્રમમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રેલ્વે મંત્રીશ્રીએ આગામી ભારતીય રેલ્વે રોડ–મેપ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી તેમજ તમામ જરૂરી સુવિધઓથી સજજ સાથે ૧૩૦૯ જેટલા રેલ્વે સ્ટેશનોનું પુનઃનિર્માણ કરવામાં આવશે. જેમાં રાજકોટની પસંદગી કરવામાં આવેલ છે. આ અંગે રેલ્વે મંત્રીશ્રીએ રાજકોટ ચેમ્બરને રાજકોટ રેલ્વે ડિવીઝન તરફથી તૈયાર થનાર થ્રી ડી મોડેલ ડિઝાઈન ઉપર સુચનો મોકલી આપવા ખાસ અનુરોધ કરેલ. જેથી રાજકોટ ડિઆરએમશ્રીને આ ડિઝાઈન તૈયાર કરવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાજકોટ–દિલ્હી અને રાજકોટ–મુંબઈ માટે સવારની દૈનીક ફલાઈટો શરૂ કરવા વિવિધ એરલાઈન્સ કંપનીઓને આમંત્રીત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારશ્રીમાં રજુઆતો કરવામાં આવે છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨૫ લાખ જેટલી વસ્તી ધરાવતું શહેર છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે પણ ગણવામાં આવે છે ત્યારે રાજકોટ તથા તેની આસપાસ આશરે ૧.૨૫ લાખથી વધુ MSME એકમો આવેલા છે જેમાં ઓઈલ એન્જીન, કાસ્ટીંગ, બેરીંગ, ફોર્જીંગ, સબમર્શીબલ પમ્પ અને પાર્ટસ, કિચનવેર, હાર્ડવેર, ઓટોમોબાઈલ, CNC ઓટોમેશન, ગોલ્ડ–સિલ્વર–ઈમિટેશન જેવા અનેક પ્રોડકટનું ઉત્પાદન થઈ રહયું છે અને આતરરાષ્ટ્રિય સ્તરે નિકાસ પણ થઈ રહયું છે. રાજકોટ શહેરની આસપાસ આશરે ૧૦૦ કિ.મી.ની અંદર જામનગરમાં બ્રાસ પાર્ટસ, મોરબી સીરામીક હબ, પોરબંદરમાં ખાણ–ખનીજ અને મહાત્મા ગાંધીની જન્મ ભુમી, જુનાગઢ એગ્રીકલ્ચર અને ફુડ સ્પાઈસીસ, સુરેન્દ્રનગરામાં પોલ્ટ્રી વિગેરે જેવા ઔદ્યોગીક હબ તરીકે જાણીતા છે. જયારે દ્વારકા, સોમનાથ, ગિરનાર, ખોડલધામ–વિરપુર જેવા અનેક ઔતિહાસીક અને પર્યટક સ્થળોની દેશ વિદેશના લોકો મુલાકાત લેતા હોય છે.

આમ રાજકોટ તથા આસપાસના શહેરો ઔદ્યોગીક હબ તરીકે જાણીતા હોવાથી આયાત–નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોય જેથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે તેમજ ઐતીહાસીક સ્થળોથી પથરાયેલ હોવાથી પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે ફલાઈટની કનેકટીવીટી વધારવી ખુબ જ આવશ્યક છે. હાલમાં રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૨ જેટલી ડોમેસ્ટીક ફલાઈટની ટ્રીપો ચાલી રહી છે તેમજ મહિને આશરે ૯૦ હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી રહયા છે ત્યારે આટલી ટ્રીપ ખુબ જ ઓછી ગણાય. ખાસ કરીને રાજકોટ–મુંબઈ તથા

રાજકોટ–દિલ્હી બન્ને શહેરો ખાતે મુસાફરી કરનાર વર્ગ ખુબ જ વધારે છે તો તેને ધ્યાનમાં રાખી રાજકોટ–દિલ્હી માટે સવારની ૬:૦૦ વાગે અને ૯:૦૦ વાગે દૈનીક ફલાઈટ તથા રાજકોટ–મુંબઈ માટે સવારની ૬:૩૦ વાગે અને રીર્ટન દૈનીક ફલાઈટ સાજે ૮:૦૦ વાગ્યાની તાત્કાલીક શરૂ કરવી ખુબ જ જરૂરી છે. જેથી કરીને મુસાફરોને બિનજરૂરી રાત્રી રોકાણ ન કરવો પડે અને સમય તથા નાણાનો વ્યય નો થાય. વધુમાં મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખી વધારાની ડોમેસ્ટીક ફલાઈટો જેવી કે, રાજકોટ થી ગોવા (જે હાલ સપ્તાહમાં દર ત્રીજા દિવસે ચાલે છે) તે દૈનીક કરવી, રાજકોટ–સુરત ફલાઈટને ઉદપુર સુધી લંબાવી મોટી કેપેસીટી સાથે શરૂ કરવી, રાજકોટ–ઈન્દોર, રાજકોટ–ચેન્નઈ, રાજકોટ–કોલકતા અને રાજકોટ–જયપુર–શ્રીનગરની ફલાઈટો શરૂ કરવી.

રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરનું કાયમી ટર્મીનલ આશરે બે મહિનમાં પુર્ણ થઈ જશે તેમજ ઈન્ટરનેશનલ ફલાઈટો પણ શરૂ થશે ત્યારે રાજકોટ–દુબઈ, રાજકોટ–સિંગાપોર–મલેશીયા–બેંગકોક (ફારઈસ્ટ) ની ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીક શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા વિવિધ એરલાઈન્સ કંપનીઓ જેવી કે, એર ઈન્ડીયા, ઈન્ડીગો, સ્પાઈસ જેટ, વિસ્તારા, એર એશીયા, એર ઈન્ડીયા એકસપ્રેસ, અકાસા, એલાઈન્સ એરને આમંત્રીત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓખા–નાથદ્વારા ટ્રેનને કાયમી શરૂ કરી અમદાવાદ–હિમ્મતગનર–ઉદયપુર રૂટ ઉપર ચલાવવા માનનીય રેલ્વેમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

દ્વારકા સમગ્ર દેશ અને વિશ્વનું અતિ પવિત્ર યાત્રાધામ હોવા ઉપરાંત ચારધામ પૈકીનું એક મહત્વનું સ્થાન ધરાવતું સ્થળ ગણાય છે. લાખો યાત્રાળુઓ દર વર્ષે દ્વારકાધીશના દર્શને આવતા હોય છે. આ સંજોગોમાં દ્વારકાને દેશના અન્ય શહેરો તથા યાત્રાધામો સાથે રેલમાર્ગે જોડવાની તીવ્ર જરૂરીયાતને ધ્યાને લઈને ભારતીય રેલમંત્રાલય દ્વારા વિવિધ ટ્રેનો શરૂ કરવામાં આવે છે. એજ રીતે રાજસ્થાનમાં આવેલ નાથદ્વારા પણ અત્યંત ધાર્મિક મહત્વ તથા લાખો શ્રધ્ધાળુઓની આસ્થાના પ્રતિકરૂપ સમાન સ્થળ છે. આ બન્ને પવિત્ર યાત્રાધામોને રેલમાર્ગે જોડવા માટે રેલમંત્રાલય દ્વારા ઓખા–નાથદ્વારા સપ્તાહીક ટ્રેન દર બુધવારે ચલાવવામાં આવે છે. વર્ષો સુધી યાત્રાળુઓને લાભ આપતી આ સેવા અવિરતપણે ચાલુ છે.

તેમ છતાં તાજેતરમાં અમદાવાદ–ઉદયપુર વાયા હિંમતનગર વચ્ચેનો મીટરગેજ રૂટ બ્રોડગેજમાં રૂપાંરીત કરવામાં આવેલ છે. હાલમાં દોડતી ઓખા–નાથદ્વારા ટ્રેન વાયા રાજકોટ–અમદાવાદ–વડોદરા–રતલામ–માલવી જંકશન થઈને આશરે ૧૧૨૫ કિ.મી. અંતર કાપીને નાથદ્વારા પહોંચે છે. જયારે અમદાવાદ–ઉદયપુર વાયા હિંમતનગર રૂટ આશરે ૩૦૦ કિ.મી. જેટલું ઓછું અંતર ધરાવે છે. આ સંજોગોમાં ઓખ–નાથદ્વારા ટ્રેનનો પ્રવર્તમાન રૂટ વડોદરા–રતલામને બદલે અમદાવાદ–હિંમતનગ–ઉદયપુરર રૂટ ઉપર સ્થળાંતરીત કરવામાં આવે તો લાખો મુસાફરોને ૩૦૦ કિ.મી. જેટલી મુસાફરી ટુંકી થશે તેમજ ટિકીટના દરમાં મોટો આર્થિક લાભ પણ પ્રાપ્ત થશે. આમ મુસાફરોને વધુ સારી સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા DRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ઓખા–નાથદ્વારા ટ્રેનને અમદાવાદ–હિંમતનગર–ઉદયપુર રૂટ પર ચલાવવા તથા દર બુધાવારે સપ્તાહીક ચાલતી ટ્રેનને કાયમીના ધોરણે શરૂ કરવા માનનીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ગુજરાત રાજય સરકારશ્રીએ ટેકસટાઈલ ઉદ્યોગોને વેગવંતુ બનાવવા માટે જાહેર કરાયેલ નવી ટેકસટાઈલ નિતીને સહદય આવકારે છે...

ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા ટેકસટાઈલ ઉદ્યોગોને વેગવંતુ બનાવવાના હેતુથી નવી ટકેસટાઈલ નિતી જાહેર કરી છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સહદય આવકારે છે. જેનાંથી રાજકોટ–સૌરાષ્ટ્રના ટેકસટાઈલ ઉદ્યોગોને નવી રાહ મળશે. આ નવી ટેકસટાઈલ પોલીસી અન્વયે વિવિધ જોગવાઈઓ થકી ટેકસટાઈલ ઉદ્યોગના વિકાસ સાથે અનેકવિધ રોજગારીની તકોનું નિર્માણ કરવા અને ઉદ્યોગોમાં વિવિધ સસ્ટેનેબલ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રીની દ્રઢ પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત કરે છે. નવી નિતી વસ્ત્રો, ટેકનિકલ ટેકસટાઈલ અને પ્રોસેસીંગ પ્રવૃતિઓ સહિત ટેકસટાઈલ ઉદ્યોગોના વિવિધ વિભાગોનો વિકાસ કરવા માટે તૈયાર કરવામાં આવેલ અનેકવિધ નાણાકીય પ્રોત્સાહનો પ્રસ્તુત કરે છે. ટેકસટાઈલ પોલીસીની મુખ્ય જોગવાઈઓમાં નીચેની બાબતોનો સમાવેશ થયેલ છે જે પ્રસંશનીય છે.

– કેપિટલ રોકાણ પરત્વે સબસીડી : આશરે ૧૦૦ કરોડની માર્યદામાં આ યોજનાને પાત્ર વિવિધ કેપિટલ રોકાણો પર ૧૦% થી ૩૫% સુધીની સબસીડી.
– પાવર ટેરિફ સબસીડી : રિન્યુએબલ એનર્જી વપરાશને પ્રોત્સાહન આપવા માટે પાંચ વર્ષ માટે યુનિટ દીઠ રૂ.૧ નો ઘટાડો.
– કામદારના પગાર બાબતે સહાય : ૫ વર્ષના સમયગાળા માટે રૂ.૨૦૦૦ થી રૂ.૫૦૦૦ પ્રતિ કામદારના પગાર માટે માસિક સહાય, સ્વ–સહાય જુથોને પ્રોત્સાહિત કરવા વિવિધ જોગવાઈઓ અને ગુણવતા પ્રમાણપત્ર અને વિવિધ ટેકનોલોજી પ્રાપ્ત કરવા માટે લેવામાં આવેલ અનેકવિધ પગલાં.

આ પ્રોત્સાહનો ટેકસટાઈલ સેકટરની સ્પાર્ધાત્મકતામાં નોંધપાત્ર વધારો કરશે, નવીનતા અને ઓપરેશનલ કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપશે તેવો વિશ્વાસ છે. પ્રસ્તુત ટેકસટાઈલ પોલીસી યોજના હેઠળ નોંધાયેલ "નવા ઔદ્યોગીક એકમો" પર ખાસ આપવામાં આવેલ પ્રાધાન્યતાને રાજકોટ ચેમ્બર આવકારે છે. જે નોંધપાત્ર રોજગારીની તકો ઉભી કરવા માટે એક સુંદર અભિગમ છે. આશરે ૧૦૦૦ થી વધુ મહિલા સહિત ઓછામાં ઓછા ૪૦૦૦ કામદારોને રોજગારી આપતા એકમોને વિસ્તૃત પે–રોલ સપોર્ટ આપવામાં આવશે તેમજ આવા એકમોને મુડી રોકાણ માટે તેમજ વ્યાજ સબસીડી દ્વારા સહાય પુરી પાડવામાં આવશે જે ખુબ જ સરાહનીય બાબત છે. આમ સરકારશ્રીના આ વ્યહત્મક અભિગમથી ટેકસટાઈલ ઉદ્યોગ ખાતે શ્રમ–સઘન કામગીરી થકી જરૂરી સ્થિરતા પ્રાપ્ત થશે તે બાબત નિર્વિવાદ છે. આમ રાજયના ટેકસટાઈલ ઉદ્યોગોને વેગવંતુ બનાવવાના શુભ આશય સાથે જાહેર કરાયેલ નવી ટેકસટાઈલ પોલીસી માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સહદય આભાર વ્યકત કરે છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CBI-ACB ગાંધીનગર બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે "એન્ટી કરપ્શન એકટીવીટીઝ" અંગે પબ્લીક અવરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું..




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CBI-ACB ગાંધીનગર બ્રાન્ચના સંયુકત ઉપક્રમે "એન્ટીકરપ્શન એકટીવીટીઝ" અંગે પબ્લીક અવરનેશ કાર્યક્રમનું તા.૧૬–૧૦–૨૦૨૪, બુધવારના રોજ બપોરના ૩:૩૦ કલાકે રાજકોટ ચેમ્બરના કોન્ફરન્સ હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું. જેમાં CBI-ACB ગાંધીનગર બ્રાન્ચના ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસશ્રી રામ પ્રસાદ તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી નિરજ મલિક ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી ભ્રષ્ટાચાર સામે કેવી રીતે લડવું અને તે માટે કેવી રીતે કાર્યવાહી કરવી તેની સંપુર્ણ માહિતી માટે આજનો આ પ્રોગ્રામ ખુબ જ ઉપયોગી બની રહેશે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવેલ કે, CBI-ACB ગાંધીનગર બ્રાન્ચના અધિકારીઓ આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા તે બદલ સહદય આનંદની લાગણી વ્યકત કરી. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે વેપાર–ઉદ્યોગકારો સાથે છેતરપીડી થાય કે અધિકારીઓ પરેશાન કરે તો તેનો ઉકેલ લાવવા અમો સુંપુર્ણ સહયોગ આપીશું. વધુમાં લોકોના મનમાં ડર છે કે લાંચ આપવી કે ન આપવી અને તેમાંથી કેવી રીતે બચી શકાય તે માટે અધિકારીશ્રીઓ દ્વારા સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવશે. આવનારા દિવસોમાં ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં આપણે સૌ સહભાગી બનીએ તેવી સૌને અપીલ કરેલ.

ત્યારબાદ CBI-ACB ગાંધીનગર બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટરશ્રી નિરજ મલિકએ આજનો આ પ્રોગ્રામનું આયોજન કરવા બદલ આભાર વ્યકત કરતા જણાવેલ કે, છેલ્લા બે મહિનાથી ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજરાતમાં સર્વે કરવામાં આવી રહયો છે ત્યારે લોકોને ખ્યાલ નથી કે CBI-ACB કેવી રીતે કાર્ય કરી રહયું છે તેની લોકોમાં અવરનેશ લાવવી ખુબ જ જરૂરી છે. ઘણીવાર એવું બને છે કે બ્રાન્ચના નકલી અધિકારીઓ બની ફોન કરીને લોકો સાથે ફ્રોડ થઈ રહયો છે. ત્યારે CBI-ACB ની ગુજરાતમાં માત્ર ગાંધીનગર ખાતે જ બ્રાન્ચ છે એટલે કોમ્યુનીકેશન કરતા પહેલા તકેદારી રાખવી જોઈએ. CBI-ACB માત્ર કેન્દ્રીય કર્મચારીઓના કેસ હેન્ડલ કરે છે. વધુમાં જે કોઈ કેન્દ્રીય કર્મચારી લાંચ માંગે તો તુરંત જ અમારો સંપર્ક કરો

અને તે માટે અમો ૨૪ કલાક ફરીયાદો લઈ રહયા છીએ. ખાસ કરીને નામજોગ ફરીયાદ કરવી, ખોટી અથવા નામ વગરની ફરીયાદો ધ્યાને લેવાશે નહી. જે ફરીયાદ આવશે તે ડાયરેકટ હેડ બ્રાન્ચમાં જશે અને તે ગુપ્ત રાખવામાં આવશે અને ત્યાંથી અધિકારીની નિમણુંક કરી ફરીયાદીનો સંપર્ક કરી ટ્રેપ ગોઠવીને ધરપકડ કરશે. તેમજ ૬૦ કે ૯૦ દિવસ સુધી જેલવાસ ભોગવી અધિકારી છુટો થશે તો તેને તે જગ્યાએ પોસ્ટીંગ અપાશે નહી તેમજ ફરીયાદીના અટકેલા કામ પણ પુરા કરાવી દેવામાં આવશે. વર્ષ ૨૦૧૮ પછી સરકારશ્રી દ્વારા નિયમમાં ફેરફાર કરવામાં આવેલ છે કે જો તમે પણ લાંચ આપો છો તો તમારી ઉપર પણ કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ જો ૭ વિદસની અંદર CBI-ACB ને જાણ કરવામાં આવે તો તેમને સાક્ષી ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ અધિકારીઓની આવક કરતા અપ્રમાણસર મિલ્કત હોય, અનુચિત નાણાંકીય લામ માટે તેની સતાવાર સ્થિતીનો દુરપયોગ વિગેરે માટે અમોને ફરીયાદ કરી શકશો. તે માટે લોકોનેવોટસએપ–ફોનનં. ૯૯૭૮૯૪૨૫૦૧, ૦૭૯–૨૩૨૩૪૩૦૧ તેમજ ઈમેઈલ : hobacgnr@cbi.gov.in પર ફરીયાદ કરી શકાશે. લેખિતમાં અરજી મોકલવા માટે CBI-ACB, સેકટર–૧૦/એ, ચ–૩, સર્કલ પાસે, કર્મયોગી ભવનની સામે, ગાંધીનગર–૩૮૨૦૧૦ પર મોકલી શકાશે. ત્યારબાદ ઉપસ્થિત સભ્યોશ્રીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે CBI-ACB ના અધિકારીશ્રીઓ દ્વારા સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓનો રાજકોટ ચેમ્બરના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુંદ્રા પોર્ટ પર ભારે ટ્રાફિકના કારણે ગેઈટ બંધ કરવાથી નિકાસકારોના અટવાયેલા કન્ટેઈનરોને કારણે ભોગવવી પડતી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા મુંદ્રા કસ્ટમ કમિશ્નર સમક્ષ ભારપુર્વક રજૂઆત કરવામા આવી...

નિકાસકારો દ્વારા વિશ્વના અનેક દેશોમાં માલની નિકાસ કરવામાં આવી રહી છે. તેમજ નિકાસનું પ્રમાણ પણ દિન–પ્રતિદીન વધી રહયું છે. ત્યારે હાલમાં મુંદ્રા પોર્ટ પર ભારે ટ્રાફિકના કારણે ગેઈટ બંધ કરવાથી નિકાસકારોના કન્ટેઈનરો અટકી ગયેલ છે. જેના કારણે ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. તાજેતરમાં મુંદ્રા કસ્ટમ્સ ખાતે યોજવામાં આવેલ મિટીંગમાં કસ્ટમ્સ કમિશ્નરશ્રી સમક્ષ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નીચે મુજબ ભારપુર્વક રજૂઆત કરવામાં આવેલ છે.

અદાણી ટર્મીનલ અને MSC એ શીપ આવવાની હોય તે પહેલા નિયમ મુજબ સાત દિવસ અગાઉ ગેઈટ ખોલવાના હોય છે. જે ઓનલાઈન બતાવતું હોય એટલે ત્યાંથી કલીયરીંગ અને ફોરવર્ડીંગ એજન્ટ તે મુજબ ટ્રક લોડ કરવા મોકલે છે અથવા નિકાસકારો તેમાં કન્ટેઈનરો ભરીને મોકલે એટલે થાય છે તેવું કે ભારે ટ્રાફિકના કારણે અને કન્ટેઈનરના કલીયરન્સમાં ઈમ્પોર્ટ અને એક્ષપોર્ટમાં ખુબ જ મોડું થવાથી ગેઈટ સાત દિવસ પહેલા ખોલવામાં આવતા નથી જે નિયમ મુજબ ખોલવા જોઈએ અને બે કે ત્રણ દિવસ પહેલા ખોલે છે. તેના કારણે ભરેલા ટ્રકો ગેઈટની બહાર ઉભા રહે છે અને તેનું ભાડુ વસુલવામાં આવે છે. અન્યથા કન્ટેઈનરો બફરયાર્ડમાં ખાલી કરાવવાની છુટ છે. આમ બફરયાર્ડમાં કન્ટેઈનરો ખાલી કરાવે ત્યાંથી પાછા ભરીને ટર્મીનલનો ગેઈટ ખુલે ત્યારે પાછા મોકલવા પડે જેથી કરીને કન્ટેઈનરોમાં નિકાસકારોને શીપીંગ કોસ્ટ વધી જાય છે.

વધુમાં ગેઈટ ખોલ્યા પછી જો ચેક પેકેજમાં શીપીંગ બીલ આવી જાય તો ટુંકા ગાળામાં સેલ થવાના કારણે કન્ટેઈનરો શીપમાં ચડતા નથી અને કન્ટેઈનરો બીજી શીપમાં ચડાવવા પડે છે. જેથી કરીને જુનુ બુકિંગ કેન્સલ થાય અને નવું બુકિંગ કરવું પડે છે. જેથી કરીને નિકાસકારોને અસહય ખર્ચ ભોગવવો પડે છે. આમ અદાણી ટર્મીનલ અને MSC એ નિયમ મુજબ ગેઈટ સાત દિવસ પહેલા ખોલવો જ પડે, જો અમે ન થઈ શકતું હોય તો બફરયાર્ડમાં કન્ટેઈનરો ખાલી કરવાના ભાડા વસુલવા ન જોઈએ અને બફરયાર્ડને ટર્મીનલમાં ટ્રાન્સફર કરવું જોઈએ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૩–૨૪ ની વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ... જેમાં ડ્રાફટ બંધારણ મંજુર કરવામાં આવેલ....




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને તા.૩૦–૯–૨૦૨૪ સોમવારના રોજ ચેમ્બરની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ. પ્રમુખશ્રીએ સૌ સભ્યોનું હાર્દિક સ્વાગત કરી સમયસર કોરમ પુરૂં થઈ જતા એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરવા માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાને જણાવેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદબોધન કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ટ મહાજન સંસ્થા છે. તેમજ રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરી રહયું છે. ત્યારે તેઓના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. વર્ષના અંતે વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવે છે. ત્યારે દરેક સભ્યોને પોતાના મંતવ્યો–પ્રશ્નો રજુ કરવાનો હકક છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વિશાળ કાર્ય ફલકને વેગ મળે તે માટે પોતાનું આધુનીક બિલ્ડીંગ બનાવવું ખાસ જરૂરી છે તે માટે સરકારશ્રી પાસે ૫૦૦૦ ચો.મી. જગ્યા માંગેલ છે તેમજ વેપાર–ઉદ્યોગકારોને પાતાના ધંધાને વેગ મળે તે માટે એકઝીબીશન યોજવા તેમજ સરકારી મળવાપાત્ર લાભો માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું ચેરીટી કમિશ્નર સમક્ષ સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવું ખુબ જ જરૂરી છે તે માટે બંધારણ સમિતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયા, સભ્યશ્રી શિવલાલભાઈ બારસીયા, શ્રી આર.એમ. વારોતરીયા, શ્રી રમણીકભાઈ વાડોદરીયા, શ્રી રામભાઈ બરછા, શ્રી અચ્યુતભાઈ જસાણી દ્વારા છેલ્લા ૬ મહિનાથી જે જહેમત ઉઠાવેલ છે તે બદલ આભાર સાથે અભિનંદન વ્યકત કરીને બંધારણને રજીસ્ટર્ડ કરવાનો પ્રયાસ કરેલ છે. જેનાથી સરકારના તમામ લાભો મળશે તેમજ CSR ફંડ નો પણ લાભ મળી શકશે. આમ તમામ સભાસદોએ રાજકોટ ચેમ્બરની કામગીરીમાં સહભાગી થવા અનુરોધ કરેલ. ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી વાર્ષિક સામાન્ય સભાની એજન્ડા મુજબની કાર્યવાહીની શરૂઆત કરતા સભાનો એજન્ડા તમામ સભ્યોને મોકલી આપેલ હતો તેની જાણ કરી વર્ષ

૨૦૨૨–૨૩ ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરેલ જે હાજર રહેલ તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ માનદમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન યોજવામાં આવેલ ૧૦૪ જેટલી મિટીંગ–મુલાકાતો, સેમિનારો–વેબીનારો, ઓપન હાઉસ, ૮૩ જેટલી અખબારી યાદીઓ તેમજ ૧૨ કારોબારી સમિતિની મિટીંગ વિગેરે કાર્યવાહીનો અહેવાલ રજુ કરેલ. જેની ઉપસ્થિત સૌ સભ્યોએ સહર્ષ નોંધ લીધેલ.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરનાં ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા વર્ષ ૨૦૨૩–૨૪ ના ઓડિટે હિસાબો રજુ કરેલ અને કુલ ખર્ચ કરતા આવકમાં રૂા.૩૧,૪૦,૬૭૫/– નો વધારો થયેલ છે તે રજુ કરેલ અને ચાલુ વર્ષ ૨૦૨૪–૨૫ નું અંદાજપત્ર રજુ કરતા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ ત્યારબાદ માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ ચાલુ વર્ષ માટે ઓડિટર તરીકે મે. ડી.વી. લાલચંદાણી એન્ડ કંપનીનું નામ સુચવતા તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

બંધારણ સમિતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયા અને તેમની ટીમ દ્વારા રાજકોટ ચેમ્બરનું સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવાનું હોય તે માટે તૈયાર કરાયેલ ડ્રાફટ બંધારણ વાર્ષિક સામાન્ય સભામાં રજુ કરતા જણાવેલ કે, આ ડ્રાફટ બંધારણની કોપી તમામ સભ્યોને ઈ–મેઈલથી મોકલવવામાં આવેલ અને ચેમ્બરની વેબસાઈટ ઉપર પણ અપલોડ કરવામાં આવેલ હતું જેથી કરીને કોઈપણ સભ્યોને સુચનો હોય તો તે લેખીતમાં મોકલી શકે. તેના માટે વાર્ષિક સભાના સરકયુલરમાં તા.૨૩–૯–૨૦૨૪ સુધીમાં પ્રશ્નો મંગાવેલ હોવા છતા પણ વાર્ષિક સભાના દિવસે પણ જે સભ્યો દ્વારા કાંઈ વાંધા–સુચનો રજુ કરવામાં આવશે તો તેનો સમાવેશ કરવામાં આવશે.

જે અંતર્ગત વાર્ષિક સભામાં ઉપસ્થિત સભ્યો દ્વારા વાંધા–સુચનો રજુ કરાવામાં આવેલ. જેમાં ખાસ કરીને તા. ૩૦મી સપ્ટેમ્બર દિવસ સુધીમાં જેમનું સભ્યપદ ચાલુ હોય તેઓ જ મતદાન કરી શકે, જુની ચુંટણી પ્રક્રિયા યથાવત રાખવી, હાલની કારોબારી સમિતિની સમય મર્યાદા પાંચ વર્ષ કરવા વિગેરે તમામ સુચનો વાર્ષિક સામાન્ય સભા સમક્ષ રજુ કરતા ઉપસ્થિત સભ્યો દ્વારા મંજુર કરવામાં આવેલ. તેમજ ડો.પુરૂષોતમભાઈ પીપરીયાએ ડ્રાફટ બંધારણના તમામ મુદાઓની સઘન ચર્ચા કરેલ તેમજ સભ્યો દ્વારા રજુ થતા પ્રશ્નો–સુચનો વિગેરેની રજુઆતો અંગે સંતોષકારક પ્રત્યુતર પાઠવતા સભ્યોએ હર્ષની લાગણી અનુભવેલ. આમ બંધારણ સમિતિ દ્વારા તૈયાર કરાયેલ ડ્રાફટ બંધારણ મંજુર કરવામાં આવ્યું.

વધુમાં ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, સૌરાષ્ટ્ર–કચ્છમાંથી નિકાસનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહયુ છે. ત્યારે સૌરાષ્ટ્રમાંથી માત્ર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી જ એક એવી સંસ્થા છે જે ભારત ભરના તમામ નિકાસકારોને સર્ટીફિકેટ ઓફ ઓરીજીન તાત્કાલીક ઈશ્યું કરી રહી છે અને વર્ષ દરમ્યાન આશરે ૧૮ હજારથી પણ વધુ સર્ટીફિકેટ ઈશ્યું કરવામાં આવે છે.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે રાજકોટ ચેમ્બરના તમામ સભાસદો દ્વારા ઓડિટેડ હિસાબો, અંદાજપત્ર, ડ્રાફટ બંધારણ વિગેરે મંજુર કરવા અને હાલની કારોબારી સમિતિ ઉપર વિશ્વાસ મુકવા બદલ સહૃદય આભારની લાગણી વ્યકત કરેલ.

બંધારણ સમિતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયાએ જણાવેલ કે, ચેરીટી કમિશ્નર સમક્ષ ડ્રાફટ બંધારણ રજીસ્ટ્રેશન માટે મુકતા જે કાંઈ ફેરફાર કરવાનું સુચન કરવામાં આવે તો તેની તમામ સતા હાલની કારોબારી સમિતિ તથા બંધારણ સમિતિને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. ત્યારબાદ બંધારણ સમિતિનું વિસર્જન કરવામાં આવેલ. એજન્ડા પ્રમાણે તમામ કાર્યવાહી પુર્ણ થતા રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ સૌ સભ્યોનો આભાર વ્યકત કરેલ.

**As a part of our pivotal role for sustained solution of nuances and redressal of grievances of business community, we have made various representations to central Government, State Government, various Govt. offices, Hon. M.Ps. / M.L.As., Chambers, bureaucrats and so on. Some of the important, empathetic and attendable representations are as under.**

(1) Electricity Regulatory Commission, Gandhinagar vide Notification No. 9/08/2005 has imposed some voltage level charges even from L.T. consumers and other than Industrial Categories obtaining power from common H.T. Line. We have strongly objected for redressal of cited grievance.

(2) Port congestion crisis followed by un-clearance of containers is an immense hurdle being faced by so many exporters due to closing of gates in short notice by shipping lines. This causes abundant monetary loss as well in-time delivery of exported goods.

(3) G.O.G. has allotted 91 hectare of land for Devgam – Khirasara Industrial estate enabling only 471 applicants against a total of 11000.This is quite an insufficient land allotment. We have represented for further allotment of more 91 hectare land.

(4) Convention Centre for exhibitions etc. has become the first and foremost requirement of Rajkot in consideration of the momentous growth and development of entire business communities. We have strongly represented for allotment of 20 to 30 Acres of land for this purpose.

(5) Preparation of the biggest MSME cluster to facilitate the entire business community to avail same premises benefit of Government office such as CGST / SGST / DGFT / Customs / Labor / District Industries centre etc is the most needed requirement of Rajkot. We have represented to provide the same at the earliest.

(6) Entire business community faces some daunting difficulties and challenges due to haphazard operationalization of Central KYC Records Registry. We have emphasisingly represented for the most concrete implementation of nation-level single Central KYC Records.

(7) Some of the immense difficulties and hurdles being faced by Solar Power Plant Operators are categorically and typically represented to The Managing Director, P.G.V.C.L., Rajkot.

(8) Divisional Railway Users Consultative Committee (DRUCC) is an authentic and dignified negotiation machinery looking and solving after the various hurdles, difficulties and inconveniencies being faced both by the Business community and general public in large. We have remained in constant touch and approach with the said committee. So many difficulties and nuances are represented regarding train schedules, providing of escalator on both the sides, providing of requisite facilities at platform No. 4 and many more. Some of the cited representations have met with positive implementation, while some are in pipeline. We expect the most earliest solutions of our representations.

(9) Some important and long-route trains are running from Ahmedabad to various Cities i.e. Patna, Prayagraj, Kolkata, Kolhapur, Nagpur, Nizamuddin etc. We have represented to extend all these trains up to Rajkot with due justifications.

(10) Rajkot (Hirasar) international Air-port is importation transportation hub leveraging 90000 passengers approx. per month for global Air journey. We have represented to run four more daily flights for Mumbai and Delhi. We have also represented for launching of new domestic flights to Goa, Extension of Rajkot – Surat up to Udaipur, Indore, Chennai, Calcutta & Jaipur & Srinagar. Our one more stress is to introduce international flights in consideration of the completion of permanent terminal. This includes flights for Dubai, Singapore, Malaysia & Bangkok.

(11) Interest Equalization Scheme allows MSME Exporters to access Bank Credit at a subsidized interest rate. This benefit has been restricted to 50 lakhs for F.Y. 2024-25 till December,2024 which was available up to Rs. 2 Crore previously. We have stressfully represented to sustain the limit of up to Rs 2 crore and to declare the benefits up to 5 years. We have also represented to increase the existing rate of 3% to 6%.

(12) RoDTEP ( Remission of Duties and Taxes on Exported Products ) Scheme enables exporters for rebates of in Central, State and Local duties / Taxes / levies which are not refunded under any other duty remission schemes. ICEGATE (Customs) provided e-scrip module for generation of e-scrip(RoDTEP). However, due to regular software updates the availability criteria under this scheme is suddenly restricted and any duty credit in the said e-scrip remaining unutilized at the end of the period is lapsed. We have represented for redressal of this issue by enabling the exporters by auto generation of pending RoDTEPs since 2021 (with current date) for further utilization within 2 years.

(13) With a broader view to enhance the social security and health of workforce, we have emphasisingly represented for providing of Regional ESIC Office at Rajkot. We have justified all requisite criterias ESIC and stressed further to provide most needed medical facilities and cash benefits to the employees of covered establishments falling under the notified areas. Recently ESIC has empanelled private MBBS Doctors as mIMP to provide ESI services at different locations. However, so many locations are not covered under this preview and we have apprised to cover such areas.

સિનિયર સિટિઝનના કેસમાં રૂ.૭ લાખ પેન્શન સહિત રૂ.૭.૫૦ લાખથી અછી આવક હોય તો Zero TDS નો લાભ લઈ શકાય!

## બેન્ક ડિપોઝીટના વ્યાજમાંથી TDS ની કપાત

કલમ ૧૯૪–એ હેઠળ વ્યાજમાંથી ટેકસ ડિડકટેડ એટ સોર્સ સંબંધી જોગવાઈઓ

કલમ ૧૯૪–એની જોગવાઈઓ અનુસાર, સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન કરદાતાને રૂ.૫,૦૦૦થી વધુ વ્યાજ (જામીનગીરીમાંથી વ્યાજ સિવાય) મળવાપાત્ર હોય, તો વ્યાજ ચૂકવવા માટે જવાબદાર વ્યકિત તેમજ એચ.યુ.એફ. સિવાયના શખ્શો (જેમ કે, ભાગીદારી પેઢી, LLP, AOP, કંપની વગેરે) તેમજ કલમ ૪૪એબી હેઠળ ટેકસ ઓડિટને પાત્ર કોઈપણ વ્યકિત, એચ.યુ.એફ. તથા AOP/BOI એ તેના ઉપર ૧૦%ના ધોરણે આવકવેરો કાપવાનો હોય છે.

### બેન્ક ડિપોઝીટના વ્યાજની ચુકવણીના સંદર્ભમાં TDS ની કપાત મર્યાદા રૂ.૪૦,૦૦૦

૨૦૧૯ ના નાણાકીય ધારા અન્વયે ૧લી એપ્રિલ, ૨૦૧૯ થી કરાયેલ જોગવાઈ અનુસાર બેન્કે ડિપોઝીટના વ્યાજની ચુકવણીના સંદર્ભમાં રૂ.૧૦,૦૦૦ની અગાઉની મર્યાદાને વધારીને રૂ.૪૦,૦૦૦ કરવામાં આવી.

ઉપરોકત સંદર્ભમાં કરદાતાને કોઈપણ બેન્ક કે કો–ઓપરેટીવ બેન્કના કેસમાં આવ્યું હોય તો, તમામ શાખાઓ દ્વારા ચુકવાતા વ્યાજની રકમ એકત્રિત કરીને થતી રકમ સંબંધી રૂ.૪૦,૦૦૦ની મર્યાદાની ગણતરી કરવાની રહેશે. આ જોગવાઈને લક્ષમાં રાખતા, જો કોઈ કરદાતા દ્વારા ૭%ના વાર્ષિક દરે વ્યાજ મળતું હોય, તેવી રૂ.૫,૦૦,૦૦૦ની પાંચ બેન્કે ડિપોઝીટો, અલગ અલગ બેન્કમાં મુકવામાં આવે, તો દરેક બેન્કમાંથી મળતા રૂ.૩૫,૦૦૦ના વ્યાજ ઉપર TDS ની કોઈ કપાત થાય નહી.

આ સંદર્ભમાં એ પણ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે ઉપરોકત રૂ.૪૦,૦૦૦ની મર્યાદા માત્ર બેન્ક કે પોસ્ટ ઓફિસમાં મુકેલ ડિપોઝીટ ઉપર મળતા વ્યાજ માટે જ અમલી છે. બેન્ક અને પોસ્ટ ઓફિસ સિવાયના અન્ય (જેમ કે, પેઢી કે કંપની) દ્વારા ચુકવતા વ્યાજના સંદર્ભમાં રૂ.૫૦,૦૦૦ની કપાત મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

### સિનિયર સિટિઝનના કેસમાં TDS ની કપાતમાંથી રૂ.૫૦,૦૦૦ સુધીના વ્યાજને મુકિત

કલમ ૧૯૪–એ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ થી સિનિયર સિટિઝનના કેસમાં રૂ.૫૦,૦૦૦ સુધીના વ્યાજની ચુકવણીમાંથી TDS ની કપાત કરાશે નહી તેવો સુધારો કરવામાં આવ્યો.

### ટેકસ એટ સોર્સ ન કપાય તે માટે ફોર્મ 15G રજુ કરીને કયારે લાભ લઈ શકાય ?

કલમ ૧૯૭–એ હેઠળ એવી વિશેષ છુટ આપવામાં આવી છે કે જો કંપની કે ભાગીદારી પેઢી સિવાયના કોઈ રહીશ કરદાતા દ્વારા આ હેતુસર નિયત કરવામાં આવેલ ફોર્મ 15G ભરીને એવી જાહેરાત કરવામાં આવે કે તેના કેસમાં તેની અંદાજીત કુલ આવક ઉપર ભરવાપાત્ર આવકવેરો 'શુન્ય' થાય છે. તો તેવા કેસમાં તેને મળનાર વ્યાજની ચુકવણીમાંથી કોઈ TDS કપાશે નહીં. આ સંદર્ભમાં એવું નિયંત્રણ મુકવામાં આવ્યું છે કે જો કરદાતાને સંબંધિત શખ્શ પાસેથી વર્ષ દરમિયાન મળનાર ચુકવણીની કુલ રકમ કરમુકિત મર્યાદાથી (અર્થાત રૂ.૩,૦૦,૦૦૦)થી વધુ હોય, તો તેવા કેસમાં તે ઉપરોકત છુટનો લાભ લઈ શકશે નહી. કલમ ૧૯૪–એ હેઠળની જોગવાઈઓ માત્ર રહીશ (Resident) હોય તેવા કરદાતાના કેસમાં જ લાગુ પડતી હોઈ, ઉપરોકત લાભો બિન–રહીશ (Non Resident)ના કેસમાં મળી શકશે નહી.

### સિનિયર સિટિઝનના કેસમાં ફોર્મ 15H સંબંધી ઉદાર અભિગમ !

સિનિયર સિટિઝનોને ઉપરોકત નિયંત્રણમાંથી મુકિત આપવામાં આવી છે. સિનિયર સિટિઝનોના કેસમાં (તેમની આવક રૂ.૩,૦૦,૦૦૦થી વધુ હોય તો પણ) તેમજ સુપર સિનિયર સિટિઝનોના કેસમાં (તેમની આવક રૂ.૫,૦૦,૦૦૦થી વધુ હોય તો પણ) આ હેતુસર ફોર્મ 15H રજુ કરવાની વિશિષ્ટ રાહતકારક જોગવાઈ કરવામાં આવી છે. સિનિયર સિટિઝનના કેસમાં તેની કરપાત્ર આવક ઉપર કોઈ ટેકસ ભરવાનો થતો ન હોય તો, વ્યાજમાંથી TDS ન કપાય તે હેતુસર ફોર્મ 15H રજુ કરી શકાય છે.

આકારણી વર્ષ ૨૦૨૩–૨૪ સુધી અમલી કલમ ૮૭એ હેઠળ આવકવેરા રિબેટની જોગવાઈ અનુસાર રૂ.૫ લાખથી ઓછી કરપાત્ર આવક ધરાવતા રહીશ વ્યકિતગત કરદાતાના કેસમાં રૂ.૧૨,૫૦૦ સુધીના આવકવેરા રિબેટનો લાભ મળી શકવા સંબંધી જોગવાઈ હતી. આ રિબેટનો લાભ ગણતા આકારણી વર્ષ ૨૦૨૩–૨૪ માટે, જો સિનિયર સિટિઝનના કેસમાં કોઈ આવકવેરો ભરવાનો થતો ન હોય, તો તેવા કેસમાં ફોર્મ 15H રજુ કરી શકાય તે માટેનો આવકવેરા નિયમમાં જરૂરી સુધારો તારીખ ૨૨મી મે ૨૦૧૯ના CBDT નોટિફિકેશન હેઠળ કરવામાં આવ્યો.

આકારણી વર્ષ ૨૦૨૪–૨૫થી, કલમ ૧૧૫બીએસી અન્વયે આવકવેરાની નવી યોજના લાગુ પડતી હોય, તેવા કેસમાં કલમ ૮૭એ હેઠળ રૂ.૨૫,૦૦૦ સુધીના આવકવેરા રિબેટના લાભને લક્ષમાં રાખતાં રૂ.૭ લાખથી ઓછી કરપાત્ર આવક ધરાવતા સિનિયર સિટિઝનના કેસમાં કોઈ જ આવકવેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત થાય નહી. આ સંજોગોમાં, ઉપરોક્ત CBDT નોટિફિકેશનને અનુલક્ષીને, આવા કેસમાં પણ ફોર્મ 15H રજુ કરીને TDS ની કોઈ કપાત ન કરાય તે સંબંધી લાભ મેળવી શકાય. પેન્શનની આવક ધરાવતા સિનિયર સિટિઝનના કેસમાં રૂ.૫૦,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડકશન સહિત રૂ.૭,૫૦,૦૦૦થી ઓછી આવક હોય તેવા કેસમાં પણ ફોર્મ 15H રજુ કરી શકાય.

### બેન્ક ડિપોઝિટના સંદર્ભમાં TDS નો વ્યાપ

કલમ ૧૯૪એ હેઠળ બેન્ક દ્વારા ટાઈમ ડિપોઝિટ (અર્થાત ફિક્સ ડિપોઝિટ) ઉપર ચુકવતા વ્યાજ સંબંધી TDS ની કપાતના સંદર્ભમાં ટાઈમ પિોઝિટ ઉપરાંત રિકરિંગ ડિપોઝિટ ઉપર પણ ચુકવાતા વ્યાજ સંબંધી TDS ની કપાતની જવાબદારી રહેશે.

કરો બેન્કિંગ સોલ્યુશનની જોગવાઈઓને લક્ષમાં રાખતા, એક જ બેન્કની તમામ શાખાઓ દ્વારા કરદાતાને ચુકવાતા વ્યાજની કુલ રકમના સંદર્ભમાં TDSની કપાત કરાવી જોઈએ. તે આશયથી ૧લી જુન ૨૦૧૫થી એવી જોગવાઈ કરવામાં આવી કે એકજ બેન્કની તમામ બ્રાન્ચો દ્વારા કરદાતાને ચુકવાતા વ્યાજની કુલ રકમને એકત્રિત કરીને, સંબંધિત બેન્ક દ્વારા TDS કપાત કરવામાં આવશે.

## આઈ.જી.એસ.ટી. રિફંડના વિવાદો અંગે સરકાર દ્વારા પગલાં અને કેરાલા હાઈકોર્ટના ચુકાદા

૧લી જુલાઈ,૨૦૧૭થી સી.જી.એસ.ટી. એકટ, સી.જી.એસ.ટી. રૂલ્સ અને આઈ.જી.એસ.ટી. એકટનો સમય થયો ત્યારથી કરદાતાઓને એકસપોર્ટના માલ પર ઈન્ટિગ્રેટેડ ટેકસ, ભરવાની છુટ હતી, અને આ ટેકસનું રિફંડ પણ મળતું હતું, કારણ કે એકસપોર્ટના વ્યવહારને 'ઝીરો રેટેડ સપ્લાય' ગણીને આઈ.જી.એસ.ટી. એકટની કલમ ૧૬ હેઠળ આવા રિફંડ માટે છુટ આપવામાં આવેલ છે. પણ આ વ્યવસ્થામાં હવે અંતરાય નાખવામાં આવેલ છે, અને તેનું કારણ છે સરકારે રૂલ ૯૬માં પાછલી અસરથી કેટલા ફેરફારો આ રૂલમાં સરકારે ઓકટોબર ૨૦૧૮ તથા માર્ચ ૨૦૨૦માં પાછલી અસરથી, એટલે કે તા.૨૩–૧૦–૨૦૧૭ની અસરથી, સબરૂલ(૧૦) ઉમેરી અને તેમાં ફેરફારો કરીને ઈ.ઓ.યુ. એડવાન્સ ઓથોરાઈઝેશન હેઠળના કરાદાતાઓને ઈન્ટિગ્રેટેડ ટેકસ ભરી તેનું રિફંડ મેળવવાની વ્યવસ્થામાંથી બાકાત કર્યા છે. અને આ પરિસ્થિતિ પાછલી તારીખથી એટલે કે તા.૨૩–૧૦–૨૦૧૭થી અમલી બનાવી છે. જો કરદાતાએ કોઈપણ ઈનપુટ વ્યવહાર માટે નિયમ ૯૬(૧૦)માં દર્શાવેલ નોટિફિકેશનનો લાભ લીધો હોય તો તે કરદાતા એકસપોર્ટ પર ઈન્ટિગ્રેટેડ ભરી તેનું રિફંડ લઈ શકશે નહીં. પાછલી તારીખથી કરવામાં આવેલ આ ફેરફારથી રિફંડ પાછા માંગવાની અને અપાઈ ગયેલ રિફંડની વ્યાજ તથા પેનલ્ટી સહિત રિકવરી કરવા માટેની નોટિસ ઈન્કવાયરી વગેરે પણ ચાલુ થઈ ગયા છે.

### IGST એકટની કલમ ૭ અને ૧૬

આપણાં દેશમાંથી વિદેશમાં નિકાસના વ્યવહારોને કલમ ૭ મુજબ 'ઈન્ટર–સ્ટેટ સપ્લાય' ગણવામાં આવે છે અને ઈન્ટરસ્ટેટ સપ્લાય પર ઈન્ટિગ્રેટેડ ટેકસ લાગે છે. પણ એકસપોર્ટને કલમ ૧૬ હેઠળ 'ઝીરો રેટેડ સપ્લાય' ગણવામાં આવે છે અને ઝીરો રેટેડ સપ્લાય પર ઈન્ટિગ્રેટેડ ટેકસ ભરી તેનું રિફંડ આપવાની જોગવાઈ કલમ ૧૬(૩)(બી) હેઠળ છે. તે મુજબ બધાં જ કરદાતાઓ (ઈ.ઓ.યુ. તથા એડવાન્સ ઓથોરાઈઝેશન હેઠળ કામ કરનારા સહિત.)

## સી.જી.એસ.ટી. રૂલ્સનો નિયમ નં.૯૬

સી.જી.એસ.ટી. એકટની કલમ ૫૪ અને આઈ.જી.એસ.ટી. એકટની કલમ ૧૬ હેઠળ રિફંડ આપછાની જોગવાઈ છે. પરંતુ રિફંડ લેવાની પ્રોસીજર સી.જી.એસ.ટી. રૂલ્સના નિયમ ૯૬ હેઠળ કરવામાં આવેલ છે. જુલાઈ ૨૦૧૭માં કરવામાં આવેલ નિયમ ૯૬ હેઠળ ૮(આઠ) સબરૂલ હતા અને આ આઠેય સબરૂલમાં રિફંડ માંગવાની પ્રોસિજર હતી. કયા ફોર્મમાં રિફંડ અરજી કરવાની, અરજી સાથે કયાં પુરાવા મુકવાના, રિફંડની અરજી કેટલા સમયમાં કરવાની, અરજી કયાં અધિકારી તપાસશે અને તપાસ કઈ રીતે કરશે. આ બધી પ્રોસીજર આઠ સબરૂલમાં દર્શાવેલ હતી. સબરૂલ (૯) ઉમેરવામાં આવ્યો ત્યારે આ સબરૂલમાં પણ ઈન્ટિગ્રેટેડ ટેકસના રિફંડ માટેની અરજી કયા ફોર્મમાં કરવી તે પ્રોસીજર દર્શાવેલ છે પરંતુ સબરૂલ (૧૦)માં કયા સંજોગોમાં ઈન્ટિગ્રેટેડ ટેકસનું રિફંડ નહી મળે તે માટે પ્રોવિઝન કરી, સરકારના અમુક નોટિફિકેશનનો ઉલ્લેખ કરાયો છે, અને આમાંથી એક પણ નોટિફિકેશનનો લાભ લેનાર વ્યકિતને રિફંડ નહી આપવા સબરૂલ (૧૦)માં કહેવામાં આવ્યું છે અને આ નિયમને તા.૨૩–૧૦–૨૦૧૭ થી લાગુ પાડવામાં આવેલ છે.

પરિણામે જે નિકાસકારોને લાખો–કરોડો ઈન્ટિગ્રેટેડ ટેકસના રિફંડ કાયદેસર ચુકવવામાં આવેલ તેમની પાસેથી આ રિફંડની રિકવરી કરવાની જોગવાઈ ચાલુ થયેલ છે. સબરૂલ (૧૦)માં જે નોટિફિકેશનનો ઉલ્લેખ છે તે ઈ.ઓ.યુ. અને એડવાન્સ લાઈસન્સને લગતાં છે, અને તેથી પરિસ્થિતિ એ છે કે નિકાસકારોને ઈન્ટિગ્રેટેડ ટેકસ ભરી એકસપોર્ટ કરવાનો અને ઈન્ટિગ્રેટેડ ટેકસનું રિફંડ લેવાનો અધિકાર નથી. જો આ નિકાસકારોએ કોઈપણ ઈનપુટ વ્યવહારમાં ઈ.ઓ.યું. કે એડવાન્સ લાઈસન્સનું એકઝેમ્પશન લીધું હોય તો, ભવિષ્યમાં થનારા એકસપોર્ટ પર પણ ઈન્ટિગ્રેટેડ ટેકસ ભરી તેનું રિફંડ લેવાની છુટ આ કરદાતાઓને રહી નથી.

## ઝેનિથ સ્પિનર્સનો ચુકાદો

૨૦૦૫ના વર્ષમાં આ પ્રકારનો એક રસપ્રદ કેસ ગુજરાત હાઈકોર્ટમાં આવેલો, અને આ કેસનો ચુકાદો સી.જી.એસ.ટી.ના નિયમ ૯૬(૧૦) માટે સંપુર્ણપણે લાગુ પડે છે. ઝેનિથ સ્પિનર્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના તા.૧૭ નવેમ્બર ૨૦૦૫ના ચુકાદામાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નોટિફિકેશનનં.૧૦/૨૦૦૪ સેન્ટ્રલ એકસાઈઝની કાયદેસરતા પડકારવામાં આવેલ. સેન્ટ્રલ એકસાઈઝ રૂલ નં.૧૯ હેઠળના આ નોટિફિકેશન દ્વારા શરત કરવામાં આવેલી કે જો એકસપોર્ટ માટેના માલના ઉપ્તાદન માટે કાચો માલ ડયુટી ભર્યા વગર (એટલે કે કરમુકિત એકઝેમ્પશન હેઠળ) મેળવવામાં આવ્યો હોય, તો આવા કરમુકત માલના ઉપયોગથી બનાવવામાં આવેલ ફાઈનલ ગુડસની નિકાસ (EXPORT) આ નિયમનં.૧૯(૧) મુજબ જ કરવાની રહેશે. કલમ ૧૯(૧)નો જોગવાઈ અનુસાર એકપોર્ટના માલ પર ડયુટી ભરવાની છુટ ન હતી અને માલનું એકસપોર્ટ બોન્ડ હેઠળ (એટલે કે ડયુટી ભર્યા વગર) કરવાની જોગવાઈ હતી. આ પરિસ્થિતિ સી.જી.સી.ટી. રૂલ્સના નિયમ ૯૬(૧૦) ની જોગવાઈને પુરેપુરી મળતી આવતી હતી, કારણ કે નિયમ ૯૬(૧૦)ની શરત પણ એ જ છે કે જો એકસપોર્ટના માલ માટે કોઈપણ ઈનપુટ/ઈનપુટ સર્વિસ કરમુકિત હેઠળ મેળવવામાં આવેલ હોય તો, એકસપોર્ટના માલ પર ટેકસ ભરી શકાશે નહી અને એકસપોર્ટ બોન્ઠ અથવા એલ.યુ.ટી. હેઠળ જ કરવાનું રહેશે. ઝેનિથ સ્પિનર્સના કેસમાં પણ દલીલ કરવામાં આવેલી કે નોટિ.નં.૧૦/૨૦૦૪ ગેરકાયદેસર છે, કારણ કે એકસપોર્ટના માલ પર ડયુટી ભરી તે ડયુટીના રિબેટ (રિફંડ)ની નિયમ ૧૮ની જોગવાઈથી એકસપોર્ટરને વંચિત ન રાખી શકાય.

## જી.એસ.ટી. કાઉન્સીલની મદદ અને હાઈકોર્ટનો ચુકાદો

નિયમ ૯૬(૧૦)ના કારણે નિકાસકર્તાઓને રિફંડ લેવામાં થતી તકલીફોને ધ્યાનમાં લઈ જી.એસ.ટી. કાઉન્સીલની ૫૪મી મિટીંગમાં સરકારને નિયમ ૯૬(૧૦) રદ કરવાની ભલામણ કરવામાં આવેલી, અને તા.૮ ઓકટોબર ૨૦૨૪ ના રોજ નોટિફિકેશનનં.૨૦/૨૦૨૪ સેન્ટ્રલ ટેકસ બહાર પાડી સરકારે નિયમ ૯૬(૧૦) ને રદ કર્યો છે. સાથે સાથે તા.૧૦–૧૦–૨૦૨૪ ના રોજ ના.કેરળ હાઈકોર્ટે રિટ પિટિશનનં.૧૭૪૪૭/૨૦૨૩ અને અન્ય કેસનો ચુકાદો આપી નિયમ ૯૬(૧૦)ને ગેરબંધારણીય ઠરાવ્યો છે. આને કારણે હવે નિકાસકર્તાઓના વિરૂદ્ધ નોટિસ હુકમ વગેરેના પગલાં અને અપાયેલા રિફંડની રિકવરીનો અંત આવશે.

# GST ની ITC ને લગતી કેટલીક અગત્યની બાબતો અંગે વિસ્તૃત છણાવટ

આપણે જાણીએ છીએ કે GST કાયદા હેઠળ વેરાશાખ ઈન્સ્ટન્ટ અને પુરેપુરી મળે છે પછી ભલે ખરીદાયેલ માલ વેચાયો હોય કે ના વેચાયો હોય. સામાન્ય રીતે જે મહિનામાં ખરીદી હોય કે સેવા મેળવી હોય તે મહિનામાં વેરાશાખ મળવાપાત્ર થાય છે, પછી ભલે વેચાણ/સપ્લાય પછીના સમયમાં થયેલ હોય.

૧. કર–વહિવટમાં પ્રશ્ન ત્યાં થાય છે કે ઈનપુટ કે ઈનપુટ સર્વિસ અને ફાઈનલ પ્રોડકટ વચ્ચે વન ટુ વન રિલેશન સ્થાપિત કરવાનું જરૂરી રહેતું નથી. એવું જ turnover ના consolidated figures આવે છે. કયો માલ કેટલા પ્રમાણમાં વેરાપાત્ર સપ્લાય માટે વપરાયો કે વેરામુકત સપ્લાય માટે, તેની ગણતરી પણ ખુબ જ અટપટી બની જાય છે.

૨. વેચાણવેરા અને મુલ્ય વર્ધિત વેરા હેઠળ અગાઉ જે રો–મટીરીયલ, પ્રોસેસીંગ મટીરીયલ, કન્ઝુમેબલ્સ કે બળતણના ખ્યાલો/સિદ્ધાંતો હતા તે હવે રહેતા નથી અને ઈનપુટની વ્યાખ્યા વિવાદો ઘટેલ છે.

૩. જયારે કોઈ માલ અલગ અલગ જથ્થામાં કે હપ્તેથી મળે છે ત્યારે તેની સામેની વેરા શાખા છેલ્લા lot કે હપ્તેથી મળેલ માલ પછી મળશે. એ જ રીતે જયારે કેપિટલ ગુડઝ હપ્તેથી મળેલ હોય તો કલમ ૧૬(૨)ના પ્રથમ પ્રોવિઝો મુજબ આવા કેપિટલ ગુડઝનો છેલ્લો ઈન્સ્ટોલમેન્ટ કે હપ્તો મળ્યા બાદ વેરા શાખ મળી શકે છે.

૪. જયારે કોઈ નોંધાયેલ કરદાતાએ કેપિટલ ગુડઝ કે પ્લાન્ટ અને મશીનરીની ખરીદી કરીને ઈન્કમટેકસ કાયદા, ૧૯૬૧ હેઠળ વેરાના ભાગ ઉપર ડેપ્રિસિએશન લીધેલ હોય તો તેવા કેસમાં જીએસટી હેઠળ તેને વેરાશાખ મળી શકે નહી.

૫. આપના સપ્લાયરે ટેકસ ભરેલ હશે તો તેની ક્રેડિટ મેચ કરવામાં અવાશે અને વેલિડેટ કરવામાં આવશે ત્યારબાદ જ આપને આપની વેરા શાખ મંજુર કરવામાં આવશે.

૬. ઉચ્ચકવેરાનો વિકલ્પ સ્વીકારનાર સિવાય તમામ નોંધાયેલ વેપારીઓને વેરા શાખ મળી શકે છે.

૭. જે વ્યકિતએ નવા નોંધણી દાખલા માટે ઠરાવેલ ૩૦ દિવસની નિયત મર્યાદામાં અરજી કરેલ છે તેને જે દિવસે નોંધણી દાખલો મેળવવા માટે અરજી કરેલ છે તે દિવસ સુધીમાં સ્ટોકમાં રહેલ કે સેમીફિનિશડ ગુડઝ તેમજ ઈનપુટ સેવાની વેરા શાખ મળવાપાત્ર થશે.

૮. એ જ રીતે વોલેન્ટરી રજીસ્ટ્રેશન મેળવનાર વેપારીઓને પણ અરજી કર્યાના દિવસે કલોઝીંગ સ્ટોકમાં જે ઈનપુટ પડયા હશે કે સેમીફિનિશડ અથવા ગુડઝ પડયા હશે તેટલા પુરતી વેરાશાખ મળવાપાત્ર થાય છે. સમાન રીતે જે વ્યકિત ઉચ્ચક વેરાના વિકલ્પમાંથી નોર્મલ ડીલર થયેલ છે તેને પણ વેરાશાખ મળવાપાત્ર થાય છે.

૯. નિકાસના કિસ્સામાં ભરેલ આઈજીએસટી અને કોમ્પેનસેશન સેસની વેરા શાખ મળવાપાત્ર થાય છે. આ માટે નિકાસકારે બિલ ઓફ એન્ટ્રીમાં પોતાનો જીએસટી પીન ફરજીયાત પણે દર્શાવવાનો રહે છે. કસ્ટમ્સની ઈડીઆઈ સિસ્ટમ જીએસટીના પોર્ટલ સાથે જોડાયેલ છે અને તે વેરાશાખને વેલિડેટ કરે છે.

૧૦. કોઈપણ માલ કે સેવા મેળવનાર કરદાતા પોતાના સપ્લાયરને જે પેમેન્ટ કરવાનું હોય તે બુક એડજેસ્ટમેન્ટ થકી કરી શકે છે. આ માટે કલમ ૧૬(૨) હેઠળનો વેસ્ટ બેંગોલ એડવાન્સ રૂલિંગ ઓથોરીટીનો "સેનકો ગોલ્ડ લિમિટેડ ૨૦૧૯(૧૦૫) ટેકસમેન.કોમ ૧૪૩" નો ચુકાદો છે.

૧૧. જો કોઈ ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન ઈનપુટનો વ્યય થાય છે અથવા બાય પ્રોડકટ બને છે તો પણ પુરેપુરી વેરાશાખ મળવાપાત્ર છે. એ જ રીતે ઉત્પાદનની પ્રક્રિયા દરમિયાન થતા નુકશાન કે હેન્ડલીંગ લોસ પણ માન્ય રાખીને પુરેપુરી વેરાશાખ આપવાની રહે છે. કોઈપણ માલના વહનમાં કુદરતી ઘટાડો થયો હોય તો વેરાશાખ ઘટાડવાની રેહતી નથી.

૧૨. આરસીએમ પદ્ધતિ મુજબ ભરેલ વેરાની વેરાશાખ સેલ્ફ–નોઈન્વોઈસિંગ અને વેલ્યુએશનના નિયમોના આધારે મળવાપાત્ર થાય છે.

૧૩. તાજેતરમાં ફેરફારોથી જીએસટી કાયદામાં તા.૨૭–૯–૨૦૨૪ થી અમલી એવી બે નવી કલમો ૧૬(૫) અને ૧૬(૬) ઉમેરવામાં આવેલ છે. કલમ ૧૬(૫) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ માં માલ કે સેવાના સપ્લાયને લગતા કોઈપણ ટેકસ ઈન વોઈસ કે ડેબિટ નોટની વેરાશાખ લઈ શકવાની સમય મર્યાદા જે ૩૦–૯–૨૦૨૧ સુધી હતી તેના બદલે ૩૦–૧૧–૨૦૨૧ સુધી મળશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૪. ઈનપુટ સર્વિસ ડિસ્ટ્રીબ્યુટર દ્વારા નિયમ ૩૮ ની જોગવાઈઓ મુજબ તબદિલ થતી વેરાશાખ અને ક્રોસ–ચાર્જ દ્વારા થતા વ્યવહારોની પણ વેરાશાખ લઈ શકાય છે.

નવી કલમ ૧૬(૬) મુજબ : જ્યારે કોઈ વેપારીનો નોંધણી દાખલો રદ થયેલ હોય અને બાદમાં અપીલ તબકકે કે પછી ટ્રિબ્યુનલ તબકકે કે કોર્ટ દ્વારા તે રીસ્ટોર કરવામાં આવ્યો હોય તો તેવા કિસ્સામાં પણ જો આવા વેપારી જે નાણાકીય વર્ષની ટેકસ ઈન વોઈસ કે ડેબિટ નોટ હોય તેના પછીના વર્ષના નવેમ્બરની ૩૦ તારીખ સુધીમાં અથવા તો વાર્ષિક પત્રક ભરવાની આખર તારીખ પૈકી બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીમાં પત્રક ભરે તો તેને વેરાશાખ મળવાપાત્ર થશે. જે તારીખ નોંધણી દાખલો રદ થયેલ હોય અથવા જે તારીખથી અમલી થાય તેવી રીતે નોંધણી દાખલો રદ થયેલ હોય તે પૈકી બેમાંથી જે વહેલું હોય ત્યારથી લઈને અને જયારે નોંધણી દાખલો રિસ્ટોર થયેલ હોય ત્યાર પછીના ૩૦ દિવસમાં આ પત્રક ભરાય તો વેપારીને ટેકસ ઈન વોઈસ કે ડેબિટ નોટની મળવાપાત્ર વેરાશાખ મળી શકે છે.

૧૫. વેરાશાખને લગતા નિયમો : ૩૬ થી ૪૫ અને ૩૭એ છે. આયાતા તબકકે, બિલ ઓફ એન્ટ્રી સાથે ભરેલ આઈજીએસટી હેઠળની વેરાની વેરાશાખ કસ્ટમ અધિનિયમ ૧૯૬૨ ની જોગવાઈઓ પ્રમાણેની બિલ ઓફ એન્ટ્રીના આધારે મળી શકે છે. જો કે કલમ ૭૪ના આદેશ મુજબ કરચોરીના કિસ્સા સામે ભરેલ રકમની વેરાશાખ મળી શકતી નથી, નિયમ ૩૬(૩).

૧૬. જો કોઈ વેપારી પોતાના સપ્લાયરને કલમ ૧૬(૨) હેઠળની ૧૮૦ દિવસની મર્યાદામાં ચુકવણું ન કરે અને વેરાશાખ ભોગવી લે તો જીએસટીના નિયમ ૩૭(૩) મુજબ અને કલમ ૫૦(૧) ની જોગવાઈઓ મુજબ જે વિદસે વેરાશાખ ભોગવે ત્યાંથી લઈને જે તારીખ સુધી આઉટપુટ ટેક્સ લાયાબિલિટિમાં તે રકમ ઉમેરાઈ હોય ત્યાં સુધી લાગુ પડતા વ્યાજ ભરવાનું થાય.

## પ્લાન્ટ અને મશીનરીની ખરીદી કરીને ઈન્કમટેક્સ કાયદા, ૧૯૬૧ હેઠળ વેરાના ભાગ ઉપર ડેપ્રિસિએશન લીધેલ હોય તો તેવા કેસમાં જીએસટી હેઠળ તેને વેરાશાખ મળી શકે નહીં

૧૭. જે કિસ્સામાં ખરીદનાર વેપારીની સુચના અનુસાર સપ્લાયર દ્વારા જે જગ્યાએ જોબવર્ક થતું હોય તે જગ્યાએ સીધો માલ મોકલવામાં આવે તો પણ જીએસટીની કલમ ૧૯(૨) અને પરિપત્ર ક્રમાંક ૩૮૨/૧૨/૨૦૧૮ તારીખ ૨૬–૩–૨૦૧૮ ના ફકરા ૧૦ માં થયેલ સ્પષ્ટતા મુજબ આવા કેસમાં વેપારીને વેરાશાખ મળવાપાત્ર થાય છે.

૧૮. એ જ રીતે જો ખરીદનાર વેપારીની સુચના અનુસાર સપ્લાયર દ્વારા જે જગ્યાએ જોબવર્ક થતું હોય તે જગ્યાએ કેપિટલ ગુડસ સીધા મોકલવામાં આવે તો પણ જીએસટીની કલમ ૧૯(૫) તથા પરિપત્ર ક્રમાંક ૩૮૨/૧૨/૨૦૧૮ તારીખ ૨૬–૩–૨૦૧૮ ના ફકરા ૧૦ માં થયેલ સ્પષ્ટતા મુજબ આવા કેસમાં વેપારીને વેરાશાખ મળવાપાત્ર થાય છે.

૧૯. આદેશ ક્ર : ૪/૨૦૧૯ તા.૨૯–૩–૨૦૧૯ મુજબ રીયલ એસ્ટેટના કિસ્સામાં કેટલીક વાર એવું બને કે અમુક ભાગ ઉપર જીએસટી લાગતો હોય અને બીજા કેટલાક ભાગ ઉપર જીએસટી ન લાગ તેવું બને. તેવા કિસ્સામાં પ્રોજેકટના કુલ વિસ્તાર પૈકી માફી, ઝીરો રેટેડ અને વેરાપાત્ર એરીયાના પ્રમાણમાં શિડયુલ–બે ની એન્ટ્રી ૫(b) હેઠળ પડતી સેવાની વેરાશાખ મળવાપાત્ર થાય.

# આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ




*કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.*
*તેમા લાઈટ, પંખા, સફાઈ તેમજ માઈક ચાર્જ સામેલ છે.*

| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકિંગના દર : સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૪,૦૦૦ |

- એ.સી. વપરાસ માટેનો ઈલેકટ્રીક ચાર્જ યુનિટ દીઠ રૂા.૧૫ છે.
- પ્રોજેકટરનું ભાડુ રૂા.૧૫૦૦(અર્ધા) રૂા.૩૦૦૦(આખા) દિવસ માટે થશે.
- કુલ હિસાબ પર ૧૮% GST અલગથી લેવાશે. (નિયમાનુસાર ફેરફારને પાત્ર)

**વધુ માહિતી માટે**
**ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954

# RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

**(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)**



## GET COO THROUGH RCCI



- One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : **www.trade.gov.in**
- Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
- Instant and timely service with less waiting period for both manual as well as online COOs.
- E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
- COO issued by RCCI are accepted by all the countries in the world.
- COO Issued online are QR-coded to authenticity.

**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 |**Fax :** 0281-2230824 | **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com

Follow Us On www.rajkotchamber.com

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# Follow Us On Social Media

## Just Click on Icons

Let's get Connect For Our latest news & Upadtes

@ChambersRajkot

@rajkotchamber

@Rajkot Chamber Of Commerce & Industry

@rajkotchamber

## Download RCCI Application

ANDROID APP ON Google play

Download on the App Store